# કેનાલમાંથી ઈલેકટ્રીકલ એન્જિનીયરનાં વિદ્યાર્થીનો મૃતદેહ મળતા ચકચાર

### બે દિવસથી લાપતા વિદ્યાર્થીનો આજે કરાઈ સાયફલ કેનાલમાથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીકના કરાઈ સાયફન કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર કાઢીને તપાસ કરતાં મેઘાણીનગરમાં રહેતો અને સેકટર-૨૬ ગવર્નમેન્ટ પોલીટેકનીકમાં અભ્યાસ કરતો ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો મૃતદેહ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને યુવકનો મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો દોર શરુ કર્યો છે.

આજે બપોરના સુમારે કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણજી ઠાકોર કરાઈ સાયફન કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળ્યો હતો તે દરમિયાન કરાઈ સાયફનના પાણીમાં એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસને જાણ કરીને બોલાવી લેવાના પી.એસ.આઈ. રાઠવા તથા હે.કો. રાજેન્દ્રસિંહ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતાં. અજાણ્યા યુવકનો મૃતદેહ બહાર કાઢીને તપાસ કરતાં તેના ખિસ્સામાંથી ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ, સે-૨૬નું આઈ કાર્ડ મળ્યું હતું. જેને આધારે મૃતક યુવાનની ઓળખ થઈ હતી.

મેઘાણીનગર વિસ્તારમાં રહેતો ૨૨ વર્ષીય ચિરાગ મહેશભાઈ ઝાલા ગાંધીનગરની સે-૨૬ ખાતે સ્થિત ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજમાં ઈલેકટ્રીકલ એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતો હતો. બે દીવસ પહેલા ઘરેથી નીકળ્યા બાદ ચિરાગનો કોઈ પતો મળ્યો ન હતો. આ ગુમ થયેલા યુવાન ચિરાગનો મૃતદેહ આજે કરાઈ સાયફન કેનાલમાંથી મળી આવ્યો છે. યુવકની લાશ કેનાલમાં કેવી રીતે આવી? તેણે આપઘાત કર્યો હતો કે બીજું કોઈ કારણ? તે સહિતની તમામ બાબતોની તપાસ ડભોડા પોલીસ મથકના જમાદાર રાજેન્દ્રસિંહે શરુ કરી છે.





દેનાબેંકના ચેરમેન અશ્વિનીકુમાર આજકાલ ગાંધીનગરની મુલાકાતે છે. તાજેતરમાં સેકટર-૧૭ એસ.ટી.સી. ખાતે યોજાયેલી એક અગત્યની મીટીંગમાં અશ્વિનીકુમારે માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : દિપક જાની)

# વર્ષોથી લાપતા પરિણીતાની ભાળ મેળવવા આખરે 'સીટ'ની રચના

### સાસરીયાઓએ મર્ડર કરીને લાશ સગેવગે કરી દીધી હોવાનો ગુમ પરિણીતાના પિતાનો આક્ષેપ : હાઈકોર્ટે 'સીટ'ની રચના રીને મહિનામાં તપાસ અહેવાલ સબમીટ કરવા હુકમ કર્યો : ગુમ થયાને પોણા ચાર વર્ષ બાદ પણ કોઈ જ સગડ નથી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર પાસેના પીંપળજ ગામમાંથી પોણા ચાર વર્ષ પહેલા લાપતા બનેલી ૨૦ વર્ષની પરિણીતાનો આજ દિન સુધી પતો લાગ્યો નથી. સાસરીયાઓએ મળીને તેણીનું કાસળ કાઢી નાંખીને લાશ સગેવગે કરી દીધી હોવાના આક્ષેપ સાથે ગુમ પરિણીતાના પિતાએ હાઈકોર્ટના દ્વાર ખખડાવતા હાઈકોર્ટે આ સમગ્ર પ્રકરણની તપાસ માટે સીટ (સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ)ની રચના કરી છે. ગાંધીનગર ડીવાયએસપી જે.એ. જાડેજા સહિત એક પી.આઈ., પી.એસ.આઈ અને ૪ પોલીસની ટીમનો સીટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એક મહિનામાં તપાસ અહેવાલ રજુ કરવા સીટને હુકમ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર-મુબારકપુર રોડ પર પેથાપુર ગામ નજીક આવેલા પીંપળજ ગામે વર્ષ ૨૦૦૯માં કચરાજી રાજાજી ચાવડાએ તેમની ૨૦ વર્ષની દીકરી આનંદીબેનના લગ્ન જીતેન્દ્રસિંહ ગોવિંદસિંહ વાઘેલા સાથે કરાવ્યા હતાં. લગ્નને પાંચેક માસ થયા બાદ આનંદીબેન જુલાઈ ૨૦૦૯માં મધરાત્રે ઘરેથી જતા રહ્યા બાદ પરત ફર્યા ન હોવાની ફરિયાદ સાસરીયાએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ વાતને એક-બે નહીં પરંતુ પોણા ચાર વર્ષ થઈ ગયા બાદ પણ આનંદીબેનનો કોઈ જ પત્તો મળ્યો નથી. સાસરીયાઓને કાંઈ ખબર નથી કે નથી પીયરમાંથી કોઈને ખબર કે આનંદી કયાં છે? આજ દીન સુધી તેણીના કોઈ જ સગડ મળ્યા નથી. આ મામલે પોલીસ તપાસ બાદ પણ આનંદીની કોઈ ભાળ ન મળતા તેણીના પિતા કચરાજી ચાવડાએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને તેમનો આક્ષેપ છે કે સાસરીયાઓએ મળીને તેમની દિકરી આનંદીનું મર્ડર કરી નાંખીને લાશ કયાંક ફેંકી દઈ બધું જ સગેવગે કરી નાંખ્યું છે. આ બાબતને ગંભીરતાથી લઈને હાઈકોર્ટે સઘન તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી છે. ગાંધીનગર ડિવીઝનનાં ડીવાસએસપી જે.એ. જાડેજાના સુપરવિઝન હેઠળ આખી સીટ સમગ્ર પ્રકરણની તપાસ ચલાવશે. સીટ એ આ તપાસનો અહેવાલ એક મહિનામાં ૮ એપ્રિલ સુધીમાં સબમીટ કરવો પડશે.

**સીટમાં ડીવાયએસપી સહીત સાત પોલીસ અધિકારી-કર્મચારીનો સમાવેશ**

પીંપળજ ગામની પોણા ચાર વર્ષથી ગુમ પરિણીતા પ્રકરણમાં હાઈકોર્ટના આદેશથી રચાયેલી સીટમાં ગાંધીનગર ડિવિઝનના ડીવાયએસપી જે.એ. જાડેજા એક પી.આઈ., પી.એસ.આઈ. બે હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલ મળીને સાત પોલીસ અધિકારી-કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સીટની તપાસમાં સુપરવિઝન ડીવાયએસપીનું રહેશે અને એક મહિનામાં તપાસ અહેવાલ સબમીટ કરવાનો આદેશ સીટને હાઈકોર્ટે આપ્યો છે.

## ઘઉંના ટેકાના ભાવ રૂ. ૧૩૫૦થી ખરીદાશે

ગાંધીનગર, તા. ૧૩

સરકારશ્રી દ્વારા ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર કલોલ, માણસા, દહેગામ, ગોડાઉન કેન્દ્રો ખાતે તથા કલોલ માર્કેટ ખાતે, ગાંધીનગર તાલુકામાં એફ.સી.આઈ. સાબરમતી ડેપો ખાતે ટેકાના ભાવે રૂા. ૧૩૫૦ના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશે.

ટેકાના ભાવે ઘઉં વેચનાર ખેડૂતે ૭/૧૨ -૮અ, ખેડૂત પોથી, બેંકપાસ બુક વાવેતર કર્યાનું તલાટીનો દાખલો સાથે લાવવાનો રહેશે. ખેડૂતો હેલ્પ લાઈન નંબર ૧૮૦૦- ૨૩૩-૫૫૦૦ ઉપર નોંધાવી શકશે.

# સે-૧૬માં મધરાતે વાછરડા ચોરતી ટોળકી ત્રાટકી !!

### સ્વીફટ લઈને આવેલા તત્વોને સ્થાનિક રહીશોએ ખદેડી મુકયા!

ગાંધીનગર, તા.૧૩

પાટનગરના સેકટર-૧૬ ખાતે ગઈ કાલે મધરાતે વાછરડા ચોરતી ટોળકી ત્રાટકી હતી. આ ટોળકીએ વાછરડુ ચોરી સ્વીફટ કારમાં નાખ્યું હતું. ત્યારે સ્થાનિક રહીશો જોઈ જતાં ચોર ટોળકીને પડકારતાં તેઓ વાછરડુ છોડીને ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. પાટનગરમાં ગઈ કાલે રાતના બનેલા વાછરડા ચોરીના પ્રયાસથી ગૌરક્ષકો રોષે ભરાયા છે.

પાટનગરના સેકટર-૧૬ કેટેગરી વિસ્તારમાં ગઈકાલે રાતના સુમારે સ્વીટ કારમાં વાછરડા ચોરતી ટોળકી ત્રાટકી હતી. સ્વીફટ કારમાં આવેલ ટોળકીએ કેટેગરી પાસેના શોપીંગ સેન્ટર તેમજ આસપાસના વિસ્તારમાં પહેલા ચકકર લગાવી રેકી કરી હતી. બાદમાં મધરાતે આવેલી ટોળકીએ કેટેગરીના મકાન પાસે કાર ઉભી રાખી હતી અને તેમાં સવાર ૨ વ્યકિતએ બહાર નીકળીને એક વાછરડુ ઉંચકીને સ્વીફટ કારની ડેકીમાં નાખ્યું હતુ પણ વાછરડું મુકતી વખતે થયેલા અવાજથી વસાહતીઓ જાગી ગયા હતા અને વાછરડા ચોરતી ગેંગને પડકારી હતી. આથી રહીશોનો રોષ જોઈ ટોળકી વાછરડુ છોડીને ત્યાંથી પલાયન થઈ ગઈ હતી. બનાવની જાણ ગૌ રક્ષકોને થતા તેઓ આવી પહોંચ્યા હતા અને સ્વીફટ કારમાં વાછરડા ચોરતી ટોળકીને શોધવા માટે રાતભર શહેરમાં ઘૂમ્યા હતા પણ ટોળકી ગૌ રક્ષકોના હાથમાં આવી ન હતી. પરંતુ શહેરમાં ફરીથી વાછરડા ચોરતી ગેંગ સક્રિય થતાં ગૌ રક્ષકો રોષે ભરાયા હતા.

## ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિના હોદ્દેદારો વરાયા

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિની ૨૦૧૩-૧૪ના વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે. પ્રમુખ રાજીવભાઈ કલાભાઈ પરીખ, મહામંત્રી ભરતસિંહ આર. ચૌધરી, ઉપ-પ્રમુખ વિઠ્ઠલભાઈ જે. પરમાર, કલ્પેશભાઈ જી. ચૌહાણ, વિરસિંહ મકવાણા, સહમંત્રી તરીકે એ.ટી. શેઠ, ગોવિંદભાઈ કે. રાઠોડ, નટુભાઈ વી. સોલંકી, કાનુની સલાહકાર પ્રવીણભાઈ ટી. અમીન, માનદ સલાહકાર અમૃતભાઈ પરમાર, રમેશભાઈ વાણીયા, ડી.એમ. પરમાર, આર.ટી. પરમાર. બી.એમ. મેશરવાલા, કે.પી. પરમારની નિમણૂક કરવામાં આવી હતી.

## ગાંધીનગર બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા વિશ્વ મહિલા વીકની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા વિશ્વ મહિલા વીકની ઉજવણી પ્રસંગે નારી સ્વરક્ષણ, સશક્તિકરણ તેમજ બેસ્ટ પર્શનાલીટી સ્પર્ધા અને ફાગુનના ગીતોની સ્પર્ધાનો એક ખુબજ અનોખો કાર્યક્રમ સેકટર-૧૬ ખાતે આવેલ સોમનાથ મંદિર પરિસરમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમાં ધર્મિષ્ઠાબેન દિવાને 'જીવનમાં નારીનું મહત્વ' વિષય ઉપર ઉપયોગી માહિતી આપી હતી.

મુખ્ય મહેમાન પદે ઈલાબેન જોષી અતિથિ વિશેષ પદે લત્તાબેન ચોકસી, કુ. ચેતનાબેન બુચ, ભારતીબેન શુકલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ પુષ્પાબેન મહેતા, શર્મિષ્ઠાબેન દવે દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભગીની સંસ્થાઓના પ્રમુખો અને હોદ્દેદારોએ પણ હાજરી આપી હતી. જ્યારે જ્યોત્સનાબેન બુચ અને ઈન્દુબેન નિમાવતે ફાગુન ગીતોની સ્પર્ધાના જજીસ તરીકે સેવા એનાયત કરી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ પ્રતિભાબેન દવે દ્વારા મહેમાનોનો પરિચય અને સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંજનાબેન ગોરે કર્યુંહતું. ત્યારબાદ બેસ્ટ પર્શનાલીટી અને ફાગુનના ગીતો વિજેતાઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં બેસ્ટ પર્શનાલીટીમાં નિર્મલાબેન ભટ્ટ, નિરાલીબેન જોશી, રાધિકાબેન પટેલ, મીનાબેન શાહ, પ્રફુલ્લાબેન પટેલ અને જયશ્રીબેન અનીસ તેમજ ફાગુનના ગીતોમાં હંસાબેન દવે, લત્તાબેન ચોકસી, સ્નેહલતાબેન મહેતા અને નિરાલીબેન જોશીને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

# બળાત્કાર કરી જાનથી મારી નાંખવાના પ્રયાસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

### લેકાવાડાની મહિલા પર બળાત્કાર ગુજારી ગળું દબાવીને મૃત સમજી કોતરમાં નાંખી દીધી હતી!

ગાંધીનગર, તા.૧૩

લેકાવાડામાં મહિલા પર બળાત્કાર ગુજારી તેણીને જાનથી મારી નાંખવાની કોશિશ કરવાના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૧ જાન્યુઆરી વર્ષ ૨૦૧૧ના રોજ જિલ્લાના લેકાવાડા ગામમાં રહેતા આરોપી લાભાજી નટુજી ઠાકોરે ગામની સીમમાંથી મહિલાનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ તેણીની મરજી વિરૂધ્ધ સંભોગ કરી પોતાનો ગુન્હો છુપાવવા માટે મહિલાનું ગળું દબાવી તેને જાનથી મારી નાંખવાની કોશિશ કરી હતી. આરોપીએ ભોગ બનનારના દાગીના ઉતારી તે મૃત્યુ પામી છે તેવું માની કોતરમાં નાંખી દીધી હતી. જયારે લાંબા સમય સુધી પથારીવશ રહેનાર મહિલાનું એકાદ વર્ષના અંતે મોત નિપજયું હતું. બનાવ સંદર્ભે ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે આરોપીએ બળાત્કાર ગુજારી ભોગ બનનારનું ગળું દબાવ્યું હતું. આ દરમિયાન તેણીને ૧૬ જેટલી ઈજાઓ થઈ હતી. આરોપી ભોગ બનનારને કઢંગી હાલતમાં મુકી નાસી ગયો હતો. મરનારના આત્માને શાંતિ મળે અને સમાજમાં આવા ગુન્હાઓ બનતા અટકે તે માટે સખત સજા કરવા કોર્ટને જણાવ્યું હતું. સરકારી વકીલની દલીલો તેમજ ડોકટર, તપાસ કરનાર અમલદાર અને સાહેદોની જુબાની ધ્યાને લઈ જજ એસ.કે. બક્ષીએ આરોપીને ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

## ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજની બેઠક તા. ૧૬ માર્ચ-૨૦૧૩ના રોજ બપોરે ૨.૩૦ કલાકે સેક્ટર-૧૭ ટાઉનહોલના બગીચામાં રાખવામાં આવેલ છે. તો સમાજના સૌ ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. સમાજના વિકાસમાં રસ ધરાવતા અગ્રણીઓ હાજર રહી વ્યસનમુક્તિ તથા શૈક્ષણિક વ્યાપ વધારવા અને બાળલગ્નો અટકાવવા સહિતની જાગૃતિ લાવવા તેમજ યુવાનોને સાચી દિશામાં લઈ જવા અને સંગઠનને વધુ મજબુત બનાવવા માટે આ બેઠકનું આયોજન આગેવાન, કર્મચારી, વેપારી, ખેડૂતો સહિત ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહેવા ગાંધીનગર ઠાકોર સમાજના પ્રમુખ કાળુસિંહ ડાભીએ જણાવ્યું છે.



## યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે ની ઉજવણી માટેનો કાર્યક્રમ

આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે નિમિત્તે કે.એસ.વી. યુનિવર્સિટી ના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા સે-૨ ઉની મહિલા હોસ્ટેલ ખાતે વિવિધ કોલેજોની ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ સાથે વ્યાખ્યાનમાળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વકતા તરીકે શ્રી મીનાક્ષીબેન (કન્વીનર ઓફ ઓલ ઈન્ડિયા એમએસએસ) તથા ડૉ. દામિનીબેન (વ્યાખ્યાતા, ગુજરાત વિદ્યાપીઠ) ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનશ્રીઓનું સ્વાગત હોસ્ટેલ ઈન્ચાર્જ શ્રી કૌશલ્યાબેને કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત 'કેવા કેવા બંધન અમને બાંધ્યા રે સાહેબ ડી' સ્વરૂપબેન ધ્રુવના રચિત ગીત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી મીનાક્ષીબેને જસ્ટિસ વર્મા કમિટી દ્વારા રજૂ કરેલ અહેવાલ પર ચર્ચા કરી હતી. ડૉ. દામિનીબેન જસ્ટિસ વર્મા કમિટીની શિક્ષણના અનુસંધામાં ચર્ચા કરી હતી. એમએસએસના સ્વયંસેવક દીકરીઓએ ગીતો અને નૃત્યનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. સ્ત્રીઓ માટેના સામાજિક સુધારા અને શિક્ષણ દ્વારા સ્ત્રીઓની સ્થિતિમાં સુધારા અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી. કાર્યક્રમના અંતમાં ડૉ. વીણાબેન પટેલ-ડીન, ફેકલ્ટી ઓફ એજયુકેશને આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. સુપ્રિયા બેનર્જીએ સંભાળ્યું હતું.

# પીંપળજમાં આતંક મચાવનાર બુઢીયો વાનર પાંજરામાં કેદ ન થયો

### વન વિભાગે પાંજરૂ મુકી કલાકો સુધી કસરત કરી

ગાંધીનગર, તા. ૧૩

પીંપળજ પાટીયા પાસે ગ્રામજનોને થપાટ મારતા તોફાની વાનરોની ગેંગને પીંજરામાં કેદ કરવા વનતંત્રની ટીમે આજે કલાકો સુધી કસરત કરી હતી. અત્યારસુધી ચાર થી પાંચ વ્યક્તિઓને ઈજા પહોંચાડનાર બુઢીયા વાનરને કલાકોની જહેમતના અંતે પણ પાંજરામાં પુરી શકાયો ન હતો !!

ગાંધીનગરમાં પણ સેક્ટરોના રહેણાંક વિસ્તારમાં વારંવાર આતંક મચાવતા વાનરોના લીધે સ્થાનિક રહીશોમાં ભયની લાગણી પ્રવર્તે છે. સોસાયટીમાં ઘરમાં ગુસી જતા તોફાની વાનરોના લીધે મહિલાઓમાં પણ ફફડાટ પ્રવર્તે છે. ઉછળ-કૂદ કરતી વાંદરાઓની ગેંગ સોસાયટીમાં તોડફોડ કરી નુકશાન કરતી વાનરગેંગના લીધે ઘણીવાર રહીશોને લોહીયાળ ઈજાઓ થતી હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે.

શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ વાનરગેંગનો આતંક વધ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર નજીક સ્થિત પીંપળજ ગામમાં પણ વાનરોનો ત્રાસ વધતા ગ્રામજનો તોબા પોકારી ગયા છે. ગામ જવાના રસ્તા પાસે પીંપળજ પાટીયા નજીકથી અવર-જવર કરતા ગ્રામજનો પર વાનરો હૂમલો કરતા અત્યાર સુધી ચાર થી પાંચ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી છે. જેના અંતે ગ્રામજનોએ આતંક મચાવતા આ બુઢીયા વાનરને પકડવા વનવિભાગને રજૂઆત કરી હતી. આજે વન વિભાગે સ્થળ પર પાંજરૂ મુકી તોફાની વાનરને ઝડપી લેવા કલાકો સુધી કસરત કરી હતી. અન્ય વાનરો પાંજરામાં કેદ થઈ ગયા હતા, પરંતુ બુઢીયો વાનર પાંજરામાં પુરાયો ન હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦

સૂર્યાસ્ત : ૬.૪૬

## તાપમાન

મહત્તમ : ૩૫.૭ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :

સારે જહાં સે મેંહગા : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

મિશન ઓસામા બીન લાદેન : ૧૨.૦૦, ૫.૦૦

: સ્કીન-૨ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન (હોલ્ડ) : ૯.૧૫

કાઈ પૉ છે : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૧૦.૩૦

ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૮.૦૦

: સ્કીન-૩ :

કાઈ પૉ છે : ૧૦.૩૦

ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧.૦૦, ૩.૩૦

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૬.૦૦, ૯.૦૦

: સ્કીન-૪ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

**સૂર્યા, વાવોલ**

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્કીન-૨ :

લૂંટેરે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૩ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

લૂંટેરે : ૧૨.૪૫, ૫.૧૫

**ચિરાગ, કલોલ**

હું છું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- ગાંધીનગર સેકટર-૩૦માં આવેલ ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરના પરિસરમાં સાંજે ૭.૦૦ કલાકે, ૫૦૦૧ દિવા પ્રગટાવાશે.

## આપની આજ

**મેષ** : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

**મિથુન** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

**કન્યા** : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકેછે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

**મકર** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**કુંભ** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

**મીન** : ધર્મ, ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર થશે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય. અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

## ચિરવિદાય

- સ્વ. વજાજી પ્રતાપજી સોલંકી (ઉ.વ.૫૦) મુ.પો. બુટાકીયા (ડભોડા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગીતાબેન મનુભાઈ પટેલ (ઉ.વ. ૪૩) પ્લોટ નં. ૧૦૭૦, સ્વતિક સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન રણછોડભાઈ પટેલ (ઉ.વ.૬૫) મુ.પો. બુટાકીયા (ડભોડા), તા., જિ. ગાંધીનગર.